જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૫/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૩૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૨	૩	૧૧૫૦૫	૧૭૬૨૧	૩	૧૭૬૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૫	૦	૮૫	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૯૪૮૩	૪૫૨	૪૯૯૩૫	૫૦૧૯૩	૪૨૫	૫૦૬૧૮
કુલ		૬૫૭૭૮	૪૫૫	૬૬૨૩૩	૭૪૩૫૮	૪૨૮	૭૪૭૮૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૩	૧,૮૩,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩૯૭	૨૩,૯૭,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તેલના ડબ્બાઓની આડમાં સંતાડી રાખેલ મોટા પ્રમાણમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી ગણનાપાત્ર ક્વોલીટી કેશ શોધી કાઢતી કૃષ્ણનગર સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ **પો.ઇન્સ એ.જે.ચૌહાણ** નાઓની આગેવાની હેઠળ **સર્વેલન્સ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ** તથા સાથેનો સ્ટાફ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સાથે હાલમાં ચાલી રહેલ કોરોના મહામારી તેમજ પ્રોહી-જુગારની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં ક.૧૪/૩૦ થી પેટ્રોલિંગમા હતા અને પેટ્રોલિંગ ફરતા-ફરતા ક.૧૫/૨૫ વાગે નવા નરોડા સાઇ ચોક પાસે આવતા સાથેના **લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯** નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " **એક વાદળી કલરની બંધ બોડી ની લોડીંગ રિક્ષા કે જેનો RTO નં-GJ-01-DV-2667 જે લોડીંગ રિક્ષામાં કેટલાક તેલના ડબ્બા માં પેકીંગ કરી ઇંગ્લીસ દારૂનો જથ્થો રાખી તે લોડીંગ રિક્ષા ઉમા હોસ્પીટલ રોડ થી આવી સાંઇ ચોક થઇ શ્રી રામ ચોક તરફ જનાર છે** " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રવાના થયેલ ઉપરોકત હકિકત મુજબ સદરી જગ્યાએ રેઇડ કરી સદરી જગ્યાએથી એક આરોપીને ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો તથા બિયર નો જથ્થો જેમાં અલગ-અલગ બ્રાન્ડ ની ૭૫૦ M.L.બોટલો કુલ્લે નંગ-૪૩૪ કુલ્લે કિ.રૂ.૨,૪૦,૮૦૦/-તથા ૫૦૦ M.L.ના બિયર ટીન નંગ-૨૩૫ કુલ્લે કિ.રૂ.૭૦,૫૦૦/-તથા લોડીંગ રિક્ષા કિ.રૂ.૧,૭૦,૦૦૦/-તથા મો.ફોન કિ.રૂ.૧,૦૦૦/-તથા પતરા ના ડબ્બા નંગ-૮૦ કુલ્લે કિ.રૂ.૧,૬૦૦/-તથા આધાર કાર્ડ તથા ડ્રાઇવીંગ લાયસન્સ બન્ને ની કિ.રૂ.૦૦/૦૦ સાથે મળી કુલ્લે કિ.રૂ.૪,૮૩,૯૦૦/-ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન ક.૧૮/૦૫ વાગે સાંઇ ચોક ખાતે જાહેરમાંથી પકડી પાડી પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ) (ઇ), ૧૧૬(બી) ,૮૧, ૯૮(૨) મુજબ થી કાયદેસર ની કાર્યવાહી કરી પ્રોહીબીશન નો **ગણનાપાત્ર ક્વોલીટી** કેશ સોધી કાઢી અન્ય નહી મળી આવેલ આરોપી **રાકેશ સીતારામ ગુપ્તા રહે,પતરાવાળી ચાલી ચમનપુરા અમદાવાદ શહેર મો.નં-૮૩૪૭૨૮૬૭૨૦** નાની વિરૂધ્ધમાં વધુ તપાસ જારી રાખી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૨૮/૦૫/૨૦૨૧

આરોપીઓનુ નામ:-

બિપીનકુમાર સ/ઓ શિવાભાઇ જાતે જાદવ ઉ.વ.૪૪ રહે,મ.નં-૦૧,ભગવતીનગર ઉદય ટેનામેન્ટ પાછળ નવા નરોડા અમદાવાદ શહેર હાલ રહે,મ.નં-૯૪,ભગવતીનગર ઉદય ટેનામેન્ટ પાછળ નવા નરોડા (વોન્ટેડ)આરોપી રાકેશ સીતારામ ગુપ્તા રહે,પતરાવાળી ચાલી ચમનપુરા અમદાવાદ શહેર મો.નં-૮૩૪૭૨૮૬૭૨૦

મુદ્દામાલ :-

લોડીંગ રિક્ષા નં-GJ-01-DDV-2667 ની અંદર ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો તથા બિયર નો જથ્થો જેમાં અલગ-અલગ બ્રાન્ડ ની ૭૫૦ M.L.બોટલો ALL SEASONS GOLDEN COLLECTION RESERVE WHISHKY ની કુલ્લે ૨૩૮-નંગ બોટલો જે ૧-નંગ બોટલ ની ૬૦૦ રૂપિયા લેખે કુલ્લે કિ.રૂ.૧,૪૨,૮૦૦/-તથા Mc Dowells no-01 superior WHISHKY ની કુલ્લે ૧૯૬-નંગ બોટલો જે ૧-નંગ બોટલ ની ૫૦૦ રૂપિયા લેખે કુલ્લે કિ.રૂ.૯૮,૦૦૦/- મળી કુલ્લે નંગ-૪૩૪ ની કુલ્લે કિ.રૂ.૨,૪૦,૮૦૦/-તથા ૫૦૦ M.L.ના બિયર ટીન નંગ-૨૩૫ કુલ્લે કિ.રૂ.૭૦,૫૦૦/-તથા લોડીંગ રિક્ષા કિ.રૂ.૧,૭૦,૦૦૦/-તથા મો.ફોન કિ.રૂ.૧,૦૦૦/-તથા પતરા ના ડબ્બા નંગ-૮૦ કુલ્લે કિ.રૂ. ૧,૬૦૦/-તથા આધાર કાર્ડ તથા ડ્રાઇવીંગ લાયસન્સ બન્ને ની કિ.રૂ.૦૦/૦૦ સાથે મળી કુલ્લે કિ.રૂ.૪,૮૩,૯૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ એ.જે.ચૌહાણ તથા ફરિયાદ આપનાર સર્વેલન્સ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા એ.એસ.આઇ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ દિનેશભાઇ જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૮૬૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતીષકુમાર જયંતીભાઇ બ.ન.૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.નં-૧૮૨ તથા બીજા સ્ટાફના માણસો



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પીસીબી

વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી તીન પત્તીનો જુગાર રમતા ૬ ઈસમોને કુલ્લે રુપિયા ૧,૬૧,૭૫૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ આપેલ ડ્રાઈવ અનુસંધાને તા.૨૭.૫.૨૧ ના રોજ પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ તથા મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે સુરેશભાઈ મોહનભાઈ ભરવાડ ના ભોગવટાવાળા મકાન ૧૪/૧૪૨ ચંદ્રભાગા હાઉસિંગ શ્રીનાથ એપાર્ટમેન્ટની પાસે નવા વાડજ ખાતે રેઈડ કરી કુલ્લે ૬ આરોપીઓને નાણાની હારજીતનો તીન પતીનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૪૦,૭૫૦/- જુગારના સાધનો તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રૂ.૧,૬૧,૭૫૦/ ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વાડજ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૩૨૧૦૮૩૯/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) સુરેશભાઈ મોહનભાઈ ભરવાડ રહે.મકાન ૧૪/૧૪૨ ચંદ્રભાગા હાઉસિંગ શ્રીનાથ એપાર્ટમેન્ટની પાસે નવા વાડજ અમદાવાદ

(૨) કાંતીભાઈ રામશીભાઈ ભરવાડ રહે.જવાહરનગર ના છાપરા અખબારનગર બસ સ્ટેન્ડ પાસે નવાવાડજ અમદાવાદ

(૩) જગાભાઈ રામશીભાઈ ભરવાડ રહે.૪૮ શિવશક્તિનગર બેન્ક ઓફ બરોડાની ગલીમા ચાંદલોડીયા અમદાવાદ

(૪) જીગ્નેશભાઈ વાલજીભાઈ પ્રજાપતિ રહે.સી/ ૨૦૪ સાતત્ય એવન્યુ આશ્રય પ્લેટીના નાની બાજુમા ન્યુ રાણીપ અમદાવાદ

(૫) ખેમાભાઈ કરશન ભાઈ મેવાડા (ભરવાડ) રહે.૬૦/૭૧૨ હરીઓમ એપાર્ટમેંટ ચંદ્રભાગા હાઉસિંગ પાછળ નવા વાડજ અમદાવાદ

(૬) છગનભાઈ પાંચાભાઈ ભરવાડ રહે.જવાહરનગર ના છાપરા અખબાનગર બસ સ્ટેન્ડ પાસે નવા વાડજ અમદાવાદ શહેર

ગુનાની જગ્યા :

આરોપી ન.૧ ના કબ્જા ભોગવટાવાળા મકાન ૧૪/૧૪૨ ચંદ્રભાગા હાઉસિંગ શ્રીનાથ એપાર્ટમેન્ટની પાસે નવા વાડજ અમદાવાદ

પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાંણા રૂ.૪૦,૭૫૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૬ કિંમત રૂ.૪૧,૦૦૦/ (૩) ટુ વ્હીલર વાહન નંગ ૩ કિ.રુ.૮૦,૦૦૦/ (૪) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.રુ. ૦૦./ (૪) ચાદર નંગ ૧ કિ.૦૦ મળી કુલ્લે રૂ.૧,૬૧,૭૫૦/- ની મત્તાનો મુદ્દામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૮૭ લીટર દેશી દારૂ, ૪૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૫ બિયર ટીન અને ૪ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી ૫૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૫,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૩૮/૨૦૨૧**

નરોડાઃ સંદિપભાઈ શોભનભાઈ પટેલ (ઉ.વ.૩૯) (રહે. રાધે પાર્ક સોસાયટી અજય વિભાગ-૫ ની બાજુમાં વસ્ત્રાલ રોડ આર.ટી.ઓ.ની બાજુમા વસ્ત્રાલ) એ તા.૨૭/૦૫/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંદિપભાઈના પિતાને મ્યુકરોમાઈસીસ થયેલ હોય નરોડા પાટીયા સીટી સેંટરમા આવેલ ગુજરાત હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલ અને Liposomal amphotericin-b નામના ઈન્જેકશનની જરૂરીયાત હોઈ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ ઈન્જેકશન માટે મોબાઈલ નંબર ૯૭૧૪૮૧૯૯૯૧ ઉપર સંપર્ક કરતા મોબાઈલ ધારકે મિતેશ ચંદુભાઈ ગજજર (રહે. મહાત્મા પાર્ક દેવપથ ફલેટ નવા વાડજ) જણાવેલ અને વાતચીત કરી વિશ્વાસમાં લઈ ઈન્જેકશન લાવી આપવાની ખાતરી આપતા સંદિપભાઈ પટેલે ૫૦ ઈન્જેકશન મંગાવવાની વાત કરતા તેઓએ ૫૦ ઈન્જેકશનના રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચુકવવા પડશે તેમ જણાવતા સંદિપભાઈએ અલગ-આલગ ટ્રાન્ઝેક્શન દ્વારા તેઓના બેન્ક/ફોન-પે ના ખાતામાં રૂપિયા ૧,૨૫,૦૦૦/- જમા કરાવ્યા હતા. ત્યારબાદ ઈન્જેક્શન નહી આપી ફોનનો સંપર્ક તોડી નાખી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

મણીનગરઃ યોગેશભાઇ અશોકભાઇ ગોહીલ (ઉ.વ.૩૦) (રહે. પોલારીસ આનંદ કાનબા હોસ્પીટલ નજીક નીકોલ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે મણીનગર હીંદ હાયપર માર્કેટ ખાતે યોગેશભાઈ પાસે આવી અજાણ્યા પુરૂષે કરિયાણાની કીટ (એક લાખ રૂપિયા) નો ઓર્ડર નોધાવી યોગેશભાઈ ગોહીલને વિશ્વાસમાં લઈ યોગેશભાઈ પાસેથી છુટા આપવાના બહાને રૂપિયા ૪૯,૦૦૦/- લઈ નજર ચુકવી મોટર સાઇક્લ પર બેસી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ અર્ચિત રામરતન અગ્રવાલ (ઉ.વ.૩૧) (રહે. બંગ્લા નંબર-૩૬૪ લેન નંબર-૧૮ સત્યાગ્રહ છાવણી ઇસરો સામે સેટેલાઇટ) એ તા.૨૭/૦૫/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે અર્ચિત અગ્રવાલ ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોય માહે જાન્યુઆરી/૨૦૨૦ થી માર્ચ/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન એસ.જી.હાઇવે થલતેજ ચાર રસ્તા પાસે ન્યુયોર્ક ટાવરમાં આવેલ A બ્લોક પોતાની ઓફીસ નંબર-૬૧ ખાતે આરોપી (૧) સંજય મિશ્રા એલ.એન્ડ.ટી શીપ બિલ્ડીંગ ફરીદાબાદ ખાતે સપ્લાય ચેન હેડ તરીકેની ખોટી ઓળખ આપનાર (૨) અભિનવ તિવારી નામ આપનાર (૩) ગંગોત્રી ટ્રેલર ટ્રાન્સપોર્ટ નામનો બ્રોકર દેવીદાસ નાગલે મંદીદીપ ભોપાલ એ ભેગા મળી અર્ચિત અગ્રવાલ સાથે એલ.એન્ડ.ટી શીપ બિલ્ડીંગ ફરીદાબાદના નામથી ખોટી રીતે ધંધાકીય વાતચીત કરી ટ્રાન્સપોર્ટના ધંધાને લગતા અર્ચિત અગ્રવાલ પાસેથી બીલો મેળવી ગંગોત્રી ટ્રેલર ટ્રાન્સપોર્ટ નામનો બ્રોકર દેવીદાસ નાગલએ ટ્રેલરો લગાવી દિધેલાનું જણાવી વિશ્વાસ અને ભરોસો કેળવી અર્ચિત અગ્રવાલ પાસેથી ટી.ડી.એસ. સિવાયના કુલ રૂપિયા ૧૨,૮૫,૮૪,૭૦૦/- જેટલી મોટી માતબર રકમ ધંધાના નામે મેળવી લઇ વિશ્વાસ અને ભરોસો કેળવવા સારુ રૂપિયા ૬,૦૦,૩૦,૭૦૦/- જેટલી રકમ અર્ચિત અગ્રવાલને ચુકવી આપી બાકીના નાણાં રૂપિયા ૬,૯૮,૨૫,૫૦૫/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૯૩૯/૨૦૨૧</u>**

નરોડાઃ અમિત શંકરલાલ પટેલ (રહે.પહેલવાન બીડીવાલા કંપાઉન્ડ ડફનાળા રોડ શાહીબાગ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એક મરૂન રંગની એક્ટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષ તા.૨૭/૦૫/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧/૪૫ વાગ્યા દરમ્યાન નરોડા જીઆઇડીસી ફેઝ નં-૧ પ્લોટ નં-૨૯૬ ખાતે આવેલ નટરાજ સિરામિક ઇંડસ્ટ્રીઝ નામની કંપની આગળ પાર્કીંગમા પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી બેગ ચોરી કરી લઈ ગયા હતા. બેગમાં રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેઝ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-</u> **<u>સમાચાર યાદી નં.૯૪૦/૨૦૨૧</u>**

કાગડાપીઠઃ નગીન બાબુજી ગેલોત (ઉ.વ.૪૮) (રહે. ઊંટવાળી ચાલી બહેરામપુરા) તા.૨૭/૦૫/૨૦૨૧ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક્થી પસાર થઈ રહ્યા હતા ત્યારે લાલ રંગની મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નગીન ગેલોતના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૪,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નગીન ગેલોતે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૪૧/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટઃ તમન્ના ડો/ઓ નિલેશભાઈ પરમાર (ઉ.વ.૨૧) (રહે. ભારતનગર ખાડાના છાપરાં ચોર્યાસીની ચાલી મજુરગામ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમા પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટઃ સુશીલકુમાર રાજવીરસિંહ નાઇ (ઉ.વ.૨૯) (રહે. વિવેકાનંદનગર હાથીજણ ગામ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા શાહિબાગ ડફનાળા રિવરફ્રન્ટ નજીક નદીમા પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

નિકોલઃ રાકેશકુમાર માનસિંગ રાજપુત (ઉ.વ.૩૬) (રહે.તેજેન્દ્રપ્રકાશ સોસાયટી નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૫/૨૦૨૧ સાજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી